# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી–૩૯૬ ૪૫૦.


---

વંચાણ માં:(૧) નાણાં વિભાગ, ગુજરાત સરકારશ્રીના પત્ર ક્રમાંક : પરચ–૧૦૨૦૧૨ – ઓ. – ૨૩૦/ચ તા. ૦૩/૦૫/૨૦૧૨
(૨) કૃષિ અને સહકાર વિભાગના પત્ર ક્રમાંક : પરચ–૧૧–૨૦૧૨–૧૧૦૯–મ.૩ તા.૨૪/૦૫/૨૦૧૨
(૩) કુલસચિવશ્રીના શેરા ક્રમાંક : નકૃયુ/રજી/અ–૩–૩/૧૦૮૧૦–૫૯/૨૦૧૨ તા.૨૬/૦૬/૨૦૧૨

નિવૃત્તિ સમયનું ઉચ્ચક બદલી મુસાફરી ભથ્થુ પાંચમાં પગાર પંચ મુજબના નિવૃત્તિ સમયના પગારને ધ્યાને લઈને ચુકવવા બાબત

## –:: પરિપત્ર ::–

સવિનય ઉપરોકત વંચાણે લીધેલ અ.નં. (૧) અને (૨) માં જણાવ્યા મુજબ, છઠ્ઠા પગાર પંચ બાદ અધિકારી/કર્મચારીશ્રીઓને નિવૃત્તિ સમયનું ઉચ્ચક બદલી ભથ્થુ પાંચમાં પંચ મુજબના નિવૃત્તિ સમયના પગારને ધ્યાને લઈને ચૂકવવાનું નકકી કરવામાં આવેલ છે. આમ છતાં કેટલાક અધિકારી/કર્મચારીશ્રીઓને છઠ્ઠા પગાર પંચ મુજબના પગારને ધ્યાને લઈ નિવૃત્તિ સમયનું ઉચ્ચક બદલી વળતર ભથ્થુ ચુકવામાં આવેલ છે. જેથી જે તે અધિકારી/કર્મચારીશ્રીઓને છઠ્ઠા પગાર પંચ મુજબના પગારને ધ્યાને લઈ ચુકવવામાં આવેલ હોય તો વધારે ચુકવાયેલ તફાવતની રકમ તાત્કાલીક વસુલ કરવાની રહેશે.

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવાણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આપની કચેરીમાં જો કોઈ અધિકારી/કર્મચારીશ્રીઓને છઠ્ઠા પગાર પંચ મુજબના પગારને ધ્યાને લઈ નિવૃત્તિ સમયનું ઉચ્ચક બદલી વળતર ભથ્થુ ચુકવવામાં આવેલ હોય, તો વધારે ચુકવાયેલ તફાવતની રકમ તાત્કાલીક વસુલાત કરી તેમજ વસુલાત કરવાની રહેતી ના હોય તો પણ છઠ્ઠા પગાર પંચ મુજબના પગારને ધ્યાને લઈ નિવૃત્તિ સમયનું ઉચ્ચક બદલી વળતર ભથ્થુ ચૂકવવામાં આવેલ નથી, તે અંગેનુ પ્રમાણપત્ર તા.૩૧/૦૭/૨૦૧૨ સુધીમાં અત્રેની કચેરીમાં મોકલી આપવાનું રહેશે.

નં.નકૃયુ/વવહિઅ/પગાર/ ૩૧૯૮–૩૨૪૮ /૨૦૧૨
તા.૧૨/૦૭/૨૦૧૨

વહીવટી –વ– હિસાબી અધિકારી

નકલ સવિનય રવાના જાણ સારૂ :

(૧) હિસાબી અધિકારી –વ– હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
(૨) નિયામકશ્રી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
(૩) કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

નકલ રવાના :
(૧) તમામ યુનિટ/સબ યુનિટના ઉપાડ અને ચુકવાણા અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ સારૂ.
(૨) આ કચેરીની બીલ પાસીંગ શાખા તરફ